Letter No: GSAWB/0021/01/2024 Dt: 08-01-2024


# ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ

સંયુકત પશુપાલન નિયામકની કચેરી,સુમન ટાવર,

બીજો માળ, સેકટર ૧૧,ગાંધીનગર-૩૮૨૦૧૧

ઈ-મેઈલ- jd-gsawb-gnr@gujarat.gov.in


જા.નં./ગુ.પ્રા.ક.બો./તાંત્રિક/E-sarkar:૦૩(૧૦૫)/૩૦૮-૪૫૯/૨૦૨૪

08 JAN 2024

## પરીપત્ર

વંચાણે લીધા: ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડના પત્ર ક્રમાંક No. 8-12/2019-20/HE/AWFNC 2024 Dated: 02/01/2024

વિષયઃ- રાજ્યમાં "પ્રાણી કલ્યાણ પખવાડીયું ૨૦૨૪" અને "જીવ જંતુ કલ્યાણ દિવસ" ની ઉજવણી બાબત

ઉપરોકત વિષય અનુવયે જણાવવાનું કે, વંચાણે લીધેલ આમુખ તળેના ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડના પત્રમાં મળેલ સુચના મુજબ દર વર્ષની જેમ તા.૧૪/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૪ સુધી રાજ્યમાં "પ્રાણી કલ્યાણ પખવાડીયા"ની ઉજવણી કરવાની થાય છે. જે સંદર્ભે પ્રાણી કલ્યાણ પખવાડીયું ૨૦૨૪ દરમિયાન રાજ્યની પ્રાણી કલ્યાણ સંસ્થાઓ અને સંબંધિત લોકો પ્રાણી કલ્યાણનો પ્રચાર કરવા નીચેની પ્રવૃત્તિઓ પર ભાર મૂકે તેવી વિનંતી કરેલ છે જેથી સદર બાબતે આપના વિસ્તારમાં પ્રાણી કલ્યાણ પખવાડીયાની ઉજવણી કરવા નીચે જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

1. આ સમય દરમ્યાન ખાતા/સંસ્થાઓ દ્વારા બિમાર અને ઘાયલ પશુઓ માટે સારવાર કેમ્પ, વંધ્યત્વ નિવારણ કેમ્પ, એંટીરેબીસ કંટ્રોલ પ્રોગ્રામ, તાલીમ શિબિરનો સમાવેશ કરવો.
2. પ્રાણી કલ્યાણ અને પ્રાણીઓ પ્રત્યે પ્રેમ, દયા રાખવા મહત્વ આપવું અને પ્રાણીઓની આપણા જીવનમાં ઉપયોગીતા વિશે ચર્ચાઓ, વકતૃત્વસ્પર્ધાઓ, સ્કુલ, કોલેજ તેમજ શાળાઓ અને કન્યા કેળવણી મંઃ ગ્રામપંચાયતો તરફથી યોજવા માટે તેમને સૂચન તથા માર્ગદર્શન આપવું.
3. પ્રાણી કલ્યાણ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અંગેના કાયદાઓનું લોકલ ભાષામાં ભાષાંતર કરાવી તાલીમ /પેમ્ફલેટ સ્વરૂપે પોલીસ વિભાગ અને કાયદાની અમલીકરણ સંસ્થાઓને તથા વધુમાં વધુ લોકો સુધી આપવા જેથી પ્રાણી કલ્યાણ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અંગેના કાયદાઓની જાગૃકતા આવે.
4. "ઓક્સીટોસીન" ઈંજેકશન ના દુરૂપયોગ બાબતે લોક જાગૃતી કેળવવી.
5. પશુ પક્ષીઓને પુરતા પ્રમાણમાં ખોરાક અને પાણી આપવા. આસ પડોશમાં માટીના વાસણ/કુંડાનું વિતરણ કરવું જેથી લોકો દ્વારા પશુ પક્ષીઓને ખોરાક અને પાણી આપવા માટેની પ્રેરણા મળે.
6. મોટા પ્રમાણમાં પક્ષીઓ માટે સાનુકુળ વૃક્ષો જેવા કે જાંબુ, લીમડો, પીપળ, શીમળ જેવા વૃક્ષોના વાવેતર માટે લોકોને અનુરોધ કરવો
7. રસ્તામાં રખડતા પ્રાણીઓ ખોરાકમાં પ્લાસ્ટીકની કોથળીઓ ખાય છે. તેથી આવી કોથળીઓ ખાવાના કારણે પશુના આરોગ્યને ખૂબ જ નુકસાન થાય છે. કેટલાક સંજોગોમાં પશુનું મૃત્યુ પણ થવાની શકયતા રહેલ છે. તે બાબત પર વધુ ભાર આપી નાગરીકો ઘરનો કચરો રસોડાનો વધેલો ખોરાક અથવા એઠવાડ પ્લાસ્ટીકની કોથળીમાં ભરીને જાહેર રસ્તા પર ન ફેંકે તે અંગે જાહેર જનતાનું ધ્યાન દોરવું.
8. ફળો અને શાકભાજીના વેપારીઓ દ્વારા વપરાતી પ્લાસ્ટિકની થેલીઓ કચરા સાથે ન નાંખવા લોક જાગૃતિ અંગે સમજ આપવી.
9. પ્રાણી કલ્યાણ સાથે સંકળાયેલ સંસ્થાઓની મુલાકાત લેવી અને પ્રાણીઓ પ્રત્યે માયાળુ વર્તન રાખવા અનુરોધ કરવો તથા ગૌશાળાઓ દ્વારા ગાયોના છાણ તથા મુત્રનો ઉપયોગ બાયોગેસ, વર્મી કંમ્પોસ્ટ, બાયો-પેસ્ટીસાઈડસ, ઓર્ગેનીક સાબુ, અગરબત્તી તથા પંચગવ્ય ઔષધિઓ બનાવવા થાય તે વિશે સમજ આપવી.
10. ABC રૂલ્સ-૨૦૨૩ના ચુસ્ત અમલીકરણ અર્થે સ્થાનિક સ્વરાજની સંસ્થા (Local Bodies) સાથે સંકલન કરવું તથા એનીમલ બર્થ કન્ટ્રોલ પ્રોગ્રામના અમલીકરણ દરમ્યાન શ્વાનો પર ક્રુરતા ન થાય તે બાબત ખાસ ધ્યાને લેવાની રહેશે.
11. પ્રાણી દ્વારા સંચાલિત વાહન ઉપર વધુ વજન ભરી જતાં વાહનોને અટકાવવા ઝુંબેશ હાથ ધરવી તેમજ તેના ગુન્હા સબબ પોલીસ ખાતાને પગલાં ભરવાની જાણ કરવી.પશુઓને ખુલ્લામાં ટાઢ, તાપ અને વરર પૂર્વકનું ઘાતકી પણું અટકાવવા પગલાં ભરવાં.
12. ઢોરડબામાં રાખવામાં આવેલ પશુઓને પુરતો ખોરાક પાણી મળે તેવો અનુરોધ કરવો
13. પીડા રહિત ખસીકરણ માટે પ્રાણી કલ્યાણ પખવાડીયા દરમ્યાન આવા કેસોની ઉપલબ્ધી મેળવવા પ્રયત્નો હાથ ધરવા.
14. ટી.વી., રેડીયો વગેરે દ્વારા પ્રાણી કલ્યાણ પખવાડીયાની ઉજવણી માટે લોકોને જાણકારી આપવી જેથી પ્રાણી કલ્યાણ પ્રવૃત્તિઓ અંગે લોકજાગૃતીનો ફેલાવો થાય.

વધુમાં જણાવવાનું કે, વંચાણે લીધેલ આમુખ તળેના ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડના પત્રમાં જણાવ્યા અનુસાર ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડે દર વર્ષની જેમ વસંત પંચમીને "જીવ જંતુ કલ્યાણ દિવસ" તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે તથા જીવ જંતુ કલ્યાણ દિવસ આ વર્ષે વસંત પંચમી એટલે કે ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ઉજવવામાં આવશે.

ગુજરાત રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ આશા રાખે છે કે પ્રાણી કલ્યાણ પખવાડિયું અને જીવ જંતુ કલ્યાણ દિવસની ઉજવણી સામાન્ય લોકો, કાયદા અમલીકરણ અધિકારીઓ અને તમામ સંબંધિત લોકોમાં પ્રાણી કલ્યાણના મુદ્દાઓ પર વધુ જાગૃતિ લાવવા અને પ્રાણીઓ પર થતી બિનજરૂરી પીડા અને વેદનાને રોકવા માટે સક્રિય પગલાં લેવા માટે પૂરા ઉત્સાહ સાથે ઉજવવામાં આવશે.

ઉક્ત બાબતે તમામ જિલ્લાની તમામ પશુસારવાર સંસ્થાઓ / ઘ.પ.સુ.યો. કચેરીઓ / વેટરીનરી પોલીક્લિનિક સંસ્થાઓ ખાતે તા.૧૪/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૪ સુધી "પ્રાણી કલ્યાણ પખવાડીયા"ની ઉજવણી તથા "જીવ જંતુ કલ્યાણ દિવસ" નિમિત્તે થયેલ કામગીરીનો આ સાથે સામેલ રાખેલ નિયત નમુના મુજબ વિગતવાર અહેવાલ / ફોટોગ્રાફસ / સમાચાર (ન્યુઝ કટીંગ) દરેક જિલ્લા પંચાયત કચેરીઓને રજૂ કરશે તથા તમામ જિલ્લા પંચાયત કચેરીઓએ સંબધિત વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રીની કચેરી મારફતે તા.૦૭/૦૨/૨૦૨૪ સુધીમાં સંકલિત રિપોર્ટ અચૂક મોકલી આપવાનો રહેશે.

બિડાણઃ- ઉપરમુજબ

સ્થળ: ગાંધીનગર

તારીખ: /૦૧/૨૦૨૪

સહિ/-

સંયુકત પશુપાલન નિયામક

ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

---

નકલ જય ભારત સહ રવાના જાણ વ અમલ સારૂ:-

1. વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી, અમદાવાદ/વડોદરા/રાજકોટ વિભાગ.
    1. આપના ક્ષેત્રમાં આવતા તમામ જિલ્લાઓનો સંકલિત રીપોર્ટ તૈયાર કરી અત્રે મોકલી આપવો.
2. નાયબ કુલસચિવશ્રી - કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, ગાંધીનગર
3. પ્રિન્સીપાલશ્રી, વેટરીનરી કોલેજ, આણંદ, સરદાર કૃષિનગર (બનાસકાંઠા), નવસારી, જુનાગઢ
4. મ્યુ.કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન................................(તમામ) (અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ગાંધીનગર, ભાવનગર, જુનાગઢ)
5. માનદ સચિવશ્રી, SPCA સહ નાયબ / મદદનીશ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત....................(તમામ)
    1. આપના જિલ્લાની તમામ સંસ્થાઓનો સંકલિત રીપોર્ટ આપના વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રીની કચેરીએ મોકલી આપવો.
6. નાયબ પશુપાલન નિયામકશ્રી, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ...................... (તમામ)
    1. આપના તાબા હેઠળની તમામ સંસ્થાઓનો સંકલિત રીપોર્ટ જિલ્લા પંચાયતને મોકલી આપવો.

Signature valid
Signed by:R.A.Vala
Joint Director
Date: 2024.01.08
11:54:08 +05:30

File No: GSAWB/PKP/e-file/20/2024/0003/Technical

Approved By: Joint Director,GSAWB

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

7. નાયબ પશુપાલન નિયામકશ્રી, વેટરીનરી પોલીકલીનીક ........................ (તમામ)
   1. આપનો રીપોર્ટ જિલ્લા પંચાયતને મોકલી આપવો.

<u>નકલ સવિનય રવાના પ્રતિઃ-</u>

1. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (કૃષિ,પશુપાલન,ગૌસંવર્ધન,મત્યોધોગ,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ -૧,બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦.... માન.મંત્રીશ્રીના માયાળુ ધ્યાને મુકવા સારૂ.
2. માન. અંગત સચિવશ્રી, માન.રાજયકક્ષાના મંત્રીશ્રી પશુપાલન અને ગૌસંવર્ધનનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ -૨, ત્રીજો માળ,સરદાર પટેલ ભવન,નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦... માન.મંત્રીશ્રીના માયાળુ ધ્યાને મુકવા સારૂ.
3. અંગત સચિવશ્રી, માન.સચિવશ્રી, કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના,, સચિવાલય બ્લોક-૫, બીજો માળ, ગાંધીનગર... માન.સચિવશ્રીના માયાળુ ધ્યાને મુકવા સારૂ.
4. માન. સચિવશ્રી ગુ.પ્રા.ક.બો., સહ પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન, સેકટર-૧૦ એ, ગાંધીનગર (એપીડેમયોલોજી શાખા)
5. માન. અધ્યક્ષશ્રી, જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી – સહ - જિલ્લા કલેકટરશ્રી........................(તમામ), - જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી દ્વારા પ્રાણી કલ્યાણ પખવાડીયાની ઉજવણી નિમિત્તે પ્રાણી કલ્યાણ અંગેના કાર્યક્રમો આયોજીત થાય તે બાબતે આપની કક્ષાએથી જરૂરી આદેશ થવા સારૂ.
6. માન. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી)ની કચેરી, અરણ્ય ભવન-સેકટર-૧૦ એ, ગાંધીનગર.... પ્રાણી કલ્યાણ પખવાડીયા દરમ્યાન ક્ષેત્રિય કક્ષાએ પશુપાલન તથા વન વિભાગના સહયોગ તથા સંકલનથી પ્રાણી કલ્યાણ અંગેના કાર્યક્રમો આયોજીત થાય તથા તે બાબતે આપની કક્ષાએથી જરૂરી આદેશ થવા સારૂ....
7. માન. કમિશ્નરશ્રી, કમિશ્નરશ્રી ઓફ સ્કૂલની કચેરી, ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - પ્રાણી કલ્યાણ પખવાડીયા દરમ્યાન પ્રાણી કલ્યાણ વિષય અંગે શાળાઓમાં વકતવ્ય/વકતૃત્વ સ્પર્ધાના આયોજન બાબતે જે તે શાળા દ્વારા નજીકના પશુદવાખાનાનો સંપર્ક કરી આયોજન થાય તે બાબતે આપની કક્ષાએથી જરૂરી આદેશ થવા સારૂ
8. માન. કેન્દ્ર નિયામકશ્રી, આકાશવાણી, અમદાવાદ/વડોદરા/રાજકોટ અને ભૂજ-કચ્છ, તા.૧૪/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૪ સુધી પ્રાણી કલ્યાણ પખવાડીયા દરમ્યાન પ્રાણી કલ્યાણ અંગેના કાર્યક્રમો આકાશવાણી ઉપરથી પ્રસારીત કરવા વિનંતી છે.
9. માન. કેન્દ્ર નિયામકશ્રી, ગ્રામજગત વિભાગ, દૂરદર્શન કેન્દ્ર, થલતેજ ટેકરા, અમદાવાદ - તા.૧૪/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૪ સુધી પ્રાણી કલ્યાણ પખવાડીયા દરમ્યાન જાહેર જનતાને પ્રાણીઓ પ્રત્યે ઘાતકી વર્તન ન કરવા અને પ્રાણીઓ સાથે પ્રેમથી વર્તવા તેમજ પ્રાણીઓ ઉપર દયા, પ્રેમ રાખવા સમજ આપતાં કાર્યક્રમો-સૂત્રો દર્શાવવા સહકાર આપવા વિનંતી છે.
10. માન. કમિશ્નરશ્રી માહિતી અને પ્રસારણ વિભાગ ગુજરાત રાજય ગાંધીનગર તરફ જાણ સારૂં તેમજ આ વિષય સદર પખવાડીયાની ઉજવણી દરમ્યાન પશુપાલક મંત્ર સંદેશ વિના મૂલ્યે દૈનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવા વિનંતી સહ.
11. માન. અધિક પશુપાલન નિયામકશ્રી, પશુઆરોગ્ય, ગાંધીનગર
12. મદદનીશ પશુપાલન નિયામકશ્રી (પ્રદર્શન), ગાંધીનગર આકાશવાણી તેમજ દુરદર્શન કેન્દ્રમાં ઉપરોકત સમયગાળા દરમ્યાન પ્રાણી કલ્યાણ અંગેના કાર્યક્રમો પ્રસારણ કરવામાં આવે તો તે અંગે જરૂરી પરામર્શ કરવા સારૂં.

પ્રાણી કલ્યાણ પખવાડિયાની તા.૧૪/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૪ સુધીની ઉજવણી દરમ્યાન થયેલ કામગીરીનો સંકલિત અહેવાલ

| ક્રમ | થયેલ કામગીરીની વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧. | પશુસારવાર / વંધ્યત્વ / સર્જીકલ કુલ કેમ્પ | |
| ૨. | કેમ્પમાં સારવાર આપેલ કુલ પશુઓ | |
| ૩. | પશુ સારવાર સંસ્થાઓ ખાતે આપવામાં આવેલ કુલ પશુ સારવાર | |
| ૪. | જે તે સ્થળ પર બીમાર પશુઓને આપવામાં આવેલ કુલ પશુઓની સારવાર | |
| ૫. | પશુઓમાં રસીકરણ | |
| ૬. | પશુઓમાં ખસીકરણ | |
| ૭. | ગૌશાળા /પાંજરાપોળ / ઢોરડબા વિગેરે પ્રાણી કલ્યાણ સંસ્થાઓની મુલાકાત | |
| ૮. | પ્રાણી કલ્યાણ વિષય અંગે શાળા/કોલેજમાં યોજવામાં આવેલ વકતવ્ય / વકતૃત્વ સ્પર્ધા | |
| ૯. | પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એકટ હેઠળ યોજાયેલ તાલીમ/આપેલ માહીતી / ફરિયાદો | |
| ૧૦. | પ્રાણી કલ્યાણ અંગે લોકોમાં જાગૃતિ અને સમજણ આપતા ટી.વી. અને રેડિયો કાર્યક્રમનું આયોજન | |
| ૧૧. | પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણી અંગે સમજ અને ટૂંકો સંદેશ દર્શાવતા પોસ્ટરો / પેમ્ફલેટનું વિતરણ | |
| ૧૨. | વર્ષ દરમ્યાન પ્રાણી કલ્યાણ વિશે ગ્રામ સભા / શિબીરનું આયોજન | |

નોંધઃ જરૂરી કલર ફોટોગ્રાફસ / સમાચાર (ન્યુઝ કટીંગ) વગેરે બિડાણે રાખવા

**વિભાગીય સંયુકત પશુપાલન નિયામક, ........વિભાગ**

Signature valid
Signed by:R.A...ala
Joint Director
Date: 2024.01.08
11:54:08 +05:30